ક્રમાંક/મઉમશબ/ક-૧/૨૧૪૦-૭૩
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦/બી જુના સચિવાલય પાસે,
ગાંધીનગર.તા.03/૦૫/૨૦૧૮.

પ્રતિ
જીલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જીલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
તમામ જીલ્લા

વિષય:-ગુ.મા.અને ઉ.મા શિક્ષણ બોર્ડની HSC/SSCની જાહેર પરીક્ષાના આયોજનમાં બોર્ડની સૂચનાઓનો શાળાઓ દ્વારા સંપૂર્ણ અમલ થવા બાબત.

મહાશય,

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડની HSC અને SSC માર્ચ-૨૦૧૮ની જાહેર પરીક્ષાના આયોજનમાં શાળાઓ દ્વારા કરવામાં આવેલ નીચે મુજબની ક્ષતીઓ જોવા મળેલ છે.

- શાળા દ્વારા ON LINE આવેદનપત્રની મુદત પુરી થયા બાદ લેઇટ ફી સાથે OFF LINE ભરવામાં આવે છે જેથી ઘણો સમય વેડફાય છે.
- શાળાઓ દ્વારા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની જાહેર પરીક્ષા ના ON LINE આવેદનપત્ર ભરાતી વખતે વિદ્યાર્થીના નામ,અટક,જન્મ તારીખ તથા વિષયો ભરવામાં અસંખ્ય ભૂલો થાય છે.
- શાળાના આચાર્યશ્રી દ્વારા વિદ્યાર્થીના આવેદન ભર્યાબાદ APPROVE કરવામાં આવતા નથી જેથી પરીક્ષાની સમયમર્યાદાની કામગીરીમાં વિક્ષેપ ઉભો થાય છે.
- શાળાના આચાર્યશ્રી દ્વારા ON LINE શિક્ષક રજીસ્ટ્રેશન કરતી વખતે શાળાનો ખરેખર જે વિષય શૈક્ષણિક લાયકાત ધરાવતાં હોય તેના બદલે અન્ય વિષયોમાં રજીસ્ટ્રેશન કરવામાં આવે છે, જેથી બોર્ડ દ્વારા ઉત્તરવહી પરીક્ષણના ઓર્ડર જ ખોટા થાય છે જેથી ઉત્તરવહી પરીક્ષણની કામગીરીમાં વિક્ષેપ ઉભા થાય છે.

આ સાથે સામેલ રાખેલ ગુ.મા.અને ઉ.મા શિક્ષણ બોર્ડ દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ એપ્રિલ -૨૦૧૮ના "માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ" અંક ના પાના નંબર:- ૫૩ થી ૫૬ ઉપર દર્શાવવામાં આવેલ છે. જેની આપના જીલ્લાની તમામ શાળાઓને જાણ કરવા તેમજ ભવિષ્યમાં ON LINE રજીસ્ટ્રેશનની કામગીરીમાં ક્ષતિના રહે તે માટે ખાસ સૂચના આપવા વિનંતી છે.

ક્રમાંક/ મા.વિ.૬/પરિપત્ર/૯૫/૧૨૦૨૦/૧૪૦
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
બનાસકાંઠા જિલ્લા, પાલનપુર.
તારીખ : ૭/૫/૧૮

૦૨/- નકલ રવાના થશે તથા અમલ સારુ.

જીલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા, પાલનપુર.

પ્રતિ, આચાર્યશ્રી,
સરકારી/ ગ્રાન્ટેડ / નોન-ગ્રાન્ટેડ શાળાઓ તમામ.
બનાસકાંઠા,